# શાંતિનાં સ્વરૂપો

હોમી ધાલા



લા.દ.શ્રેણી : ૧૫૪

મુખ્ય સંપાદક : જિતેન્દ્ર બી. શાહ



**શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ સ્મૃતિ-વ્યાખ્યાનમાળા**

**વર્ષ : ૨૦૦૯ - ૨૦૧૦**

# શાંતિનાં સ્વરૂપો

( Many Faces of Peace — નો અનુવાદ )


વ્યાખ્યાનકર્તા

**હોમી ધાલા**

મુખ્ય સંપાદક

**જિતેન્દ્ર બી. શાહ**



**લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર**

અમદાવાદ - ૩૮૦ ૦૦૯

લા. દ. શ્રેણી : ૧૫૪



# શાંતિનાં સ્વરૂપો
(Many Faces of Peace – નો અનુવાદ)

વ્યાખ્યાનકર્તા
**હોમી ધાલા**

અનુવાદક
**શ્રીદેવી મહેતા**
**પ્રશાંત દવે**

ડીઝાઇન
**સોએબ મન્સુરી**

મુખ્ય સંપાદક
**જિતેન્દ્ર બી. શાહ**

પ્રકાશક
**જિતેન્દ્ર બી. શાહ**
નિયામક
**શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર**
**અમદાવાદ**

© **શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર**

પ્રથમ આવૃત્તિ : **૨૦૧૧**

પ્રત : ૫૦૦



ISBN 81-85857-38-5

કિંમત : રૂા. ૨૫૦.૦૦



# પ્રકાશકીય

**આજે** સમગ્ર વિશ્વ ભય અને આતંકના ઓથાર નીચે જીવી રહ્યું છે. માનવ માનવ વચ્ચેનું અંતર વધી રહ્યું છે. રાષ્ટ્રો પરસ્પર યુદ્ધો કરી રહ્યાં છે. આવી વિકટ પરિસ્થિતિમાં શાંતિની આવશ્યકતા અંગે કોઈ પ્રશ્ન ન હોઈ શકે. આજે વિશ્વશાંતિની ખોજ ચાલી રહી છે. સંગોષ્ઠીઓ અને સંમેલનો યોજાય છે. વિશ્વના ભિન્ન ભિન્ન દેશોમાં શાંતિની સ્થાપના થાય તે માટે પ્રયાસો થઈ રહ્યા છે. આ બધામાં ભારત દેશ અગ્રેસર રહ્યો છે. ભારતે સમગ્ર વિશ્વને પ્રાચીન સાહિત્ય દ્વારા વિશ્વશાંતિ, વસુધૈવ કુટુમ્બકમ્ જેવા સંદેશ આપી નેતૃત્વ કર્યું છે. તેમ છતાં વિશ્વમાં ચાલી રહેલા શાંતિ-સ્થાપનાના પ્રયાસોનો સંગ્રહ કોઈ એક ગ્રંથમાં દુર્લભ છે. તે તમામ ઘટનાઓને પ્રસ્તુત નાનકડા પુસ્તકમાં ડો. હોમી ધાલાએ સમાવી લીધી છે.

આજથી ત્રણ વર્ષ પૂર્વે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરે શ્રેષ્ઠી શ્રી કસ્તુરભાઈ લાલભાઈ વ્યાખ્યાનમાળામાં ડો. હોમી ધાલાને વ્યાખ્યાનો આપવા આમંત્રિત કર્યા હતા. ત્યારે તેમણે શાંતિનાં અનેક સ્વરૂપો અંગે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે તે વ્યાખ્યાન અંગ્રેજીમાં આપ્યું હતું. તે વ્યાખ્યાન ગુજરાતીમાં છપાય અને તેનો પ્રચાર શાળા અને કોલેજોમાં થાય તો શાંતિની જ્યોત વધુ પ્રજ્વલિત થાય તેવી ભાવના વ્યક્ત કરી હતી. મારી ભાવનાને ડો. હોમી ધાલાએ વધાવી લીધી. તેમનાં વ્યાખ્યાનોને ગુજરાતીમાં અનુવાદિત કરવાનું ડો. શ્રીદેવી મહેતા તથા પ્રા. પ્રશાંત દવેએ ઉપાડી લીધું, તેમાં ડો. બાલાજી ગણોરકરનો પણ સહયોગ મળ્યો. અનુવાદ સરળ અને પ્રવાહી શૈલીમાં થયો છે, તેથી જિજ્ઞાસુઓને લાભ થશે.

આ પુસ્તકના લોકાર્પણનો સમારોહ મહામહિમ પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે થાય તેવી ભાવના પહેલાંથી જ મનમાં ઉદ્‌ભવેલી. પરમાત્માની કૃપાથી ભાવના સાકાર થઈ રહી છે તે સોનામાં સુગંધ ભળવા જેવી ઘટના છે. માનનીય પૂર્વ રાષ્ટ્રપતિએ અતિ વ્યસ્ત સમયમાંથી અમારા આમંત્રણનો સ્વીકાર કર્યો તે માટે અમે તેમના ઋણી છીએ.

આ કાર્યમાં સહયોગ કરનાર તમામનો હૃદયથી આભાર માનું છું. મને શ્રદ્ધા છે કે શાંતિની જ્યોત ગુજરાતથી સમગ્ર વિશ્વમાં ફેલાશે.

અમદાવાદ
તા.૧૧-૧૧-૨૦૧૧

**જિતેન્દ્ર બી. શાહ**



# પુરોવચન

**ડો. એ.પી.જે. અબ્દુલકલામ,** ભારતના રાષ્ટ્રપતિ હતા ત્યારે તેઓએ ''ફાઉન્ડેશન ફોર યુનિટી ઓફ રિલિજીયન્સ એન્ડ એન્લાઇટન્ડ સીટીઝનશીપ (FUREC)ની રચના માટે વિવિધ ધાર્મિક પરંપરાઓના અગ્રણીઓ અને વિદ્વાનોને આમંત્રિત કર્યા હતા. FUREC ની ટોચની સમિતિમાં ઝોરોસ્ટ્રીયન પ્રતિનિધિ તરીકે મારી નિમણૂંક કરવામાં આવી હતી. આ સંસ્થાના નેજા હેઠળ અનેક સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલે છે.

FUREC ની એક મીટીંગમાં ચર્ચાવિચારણામાં ''શાંતિ અને હિંસા''નો મુદ્દો આવ્યો. હું શાંતિ ચળવળમાં ૨૫ વર્ષથી સંકળાયેલો છું, તેથી મેં શાંતિનાં અનેક પરિમાણો અને વિશ્વના વિવિધ ભાગોમાં થઈ રહેલાં શાંતિ સંવર્ધનનાં કાર્યો સમજાવ્યાં.

આ વિચારવિનિમયને પરિણામે ''Many Faces of Peace'' નામનું એક પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું મેં નક્કી કર્યું. કલાકારો, શિક્ષણવિદો, સંગીતજ્ઞો, ધાર્મિક અગ્રણીઓ, ખેલાડીઓ, રાજનીતિજ્ઞો ઇત્યાદિ દ્વારા થઈ રહેલાં સકારાત્મક પ્રદાન સહિત શાંતિનાં બહુપારિમાણિક પાસાંની વિશિષ્ટતાઓ દર્શાવવી જરૂરી હતી. દુર્ભાગ્યે, હિંસા એટલી ફેલાઈ છે કે હવે દુનિયાભરમાં શાંતિના સંવર્ધન માટે થતાં રચનાત્મક કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી બન્યું છે. આ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન વિશ્વના વિવિધ ભાગોમાં યોજાયેલી અનેક કોન્ફરન્સમાં રજૂ કરવામાં આવ્યું છે.

આ રજૂઆત માટે કેટલાક પ્રેસ રીપોર્ટો Afternoon Despatch & Courier, DNA, Hindustan Times, Mumbai Mirror, Sunday Express, The Times of India માંથી લીધા છે. તે માટે તેમનો આભારી છું. નામાંકિત વ્યક્તિઓના તેમજ અન્ય કેટલાક ફોટોગ્રાફ્સ ઇન્ટરનેટ પરથી ઉપલબ્ધ થયા છે.

લબ્ધપ્રતિષ્ઠિત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના ઉદ્યમી નિયામક ડો. જિતેન્દ્રભાઈ શાહનો આ અવસરે આભાર માનું છું. તેમણે આ પ્રોજેક્ટમાં ઊંડો રસ લઈ તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવ્યો.

મને એ જાણીને અત્યંત આનંદ થયો કે મારું આ કાર્ય ગુજરાતના વિદ્યાર્થીઓ માટે એક શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગી થશે. વિદ્યાર્થી સમુદાય માટે આ સંદેશ અત્યંત આવશ્યક છે. મને શ્રદ્ધા છે કે તેનાથી વિદ્યાર્થીઓ શાંતિનાં કાર્ય માટે પ્રેરાશે.

ડો. કલામે આ પુસ્તકનું વિમોચન કરવાનું સ્વીકાર્યું તે માટે હું તેમનો ઓશિંગણ છું. તેમણે અબજો ભારતીય વિદ્યાર્થીઓની સર્જન-કલ્પનાશક્તિમાં ચેતના પૂરી છે. તેથી આ પ્રોજેક્ટના મંડાણ માટે તેઓ જ સર્વથા યોગ્ય છે.

અમદાવાદ **ડો. હોમી. બી. ધાલા**

તા.૧૧-૧૧-૨૦૧૧



# શાંતિનાં સ્વરૂપો

**ડો. હોમી ધાલા**

**ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે.અબ્દુલકલામે** ફાઉન્ડેશન ફોર ધી યુનિટી ઓફ રિલિજીયન્સ એન્ડ એન્લાઇટન્ડ સીટીઝનશીપ (FUREC)નો ઈ.સ.૨૦૦૪ માં શુભારંભ કર્યો. FUREC ની ટોચની સમિતિમાં ડો. હોમી ધાલા અને અન્ય ધાર્મિક અગ્રણીઓની નિમણૂંક કરવામાં આવી. FUREC ની એક મીટીંગમાં ''શાંતિ અને હિંસા'' પર થયેલા વિચારવિનિમયથી ડો.ધાલાને આ પ્રેઝન્ટેશન માટેની પ્રેરણા મળી.

આ પ્રેઝન્ટેશનનો પહેલો ભાગ હિંસાનાં વિવિધ સ્વરૂપોને ટૂંકમાં દર્શાવે છે, જ્યારે બીજો ભાગ શિક્ષણવિદો, ધાર્મિક અગ્રણીઓ, રાજનીતિજ્ઞો, કલાકારો અને અન્યો દ્વારા શાંતિ માટે વૈશ્વિક સ્તરે થયેલાં રચનાત્મક કાર્યો પર કેન્દ્રિત છે.

આ પ્રેઝન્ટેશન રજૂ કરવાનો ઉદ્દેશ – લોકોને શાંતિના સંવર્ધનમાં સહભાગી થવા માટે પ્રેરવાનો છે. આ સમય છે વ્યક્તિગત કે સામૂહિક રીતે શાંતિ વિશે બોલવાનો કે કંઈક કરવાનો.

**ડો. કલામના શબ્દોમાં :** ''જ્યારે મહાત્મા ગાંધીએ ''ભારત છોડો'' (''Quit India'') ની ઘોષણા કરી, ત્યારે તેમનું એક સ્વપ્ન હતું. માર્ટિન લ્યૂથર કિંગે જ્યારે એલાન કર્યું કે ''મારું એક સ્વપ્ન છે'' ત્યારે તેમણે પ્રવચન આપવાથી વિશેષ કર્યું. બંનેએ તેમની દૂરદર્શીતા નિરૂપિત કરી જેનાથી ઇતિહાસનો પથ બદલાયો. તેમનાં નિરૂપણો ભવિષ્યના નકશા હતા. આપણી આજની દૃષ્ટિ આપણી આવતીકાલને સર્જે છે.''

આથી શાંતિ-સંવર્ધનમાં પોતે કઈ રીતે યોગદાન આપશે અને હિંસાના પડકારો કેવી રીતે ઝીલશે તે વિશેની દૃષ્ટિ બધાં સ્ત્રીપુરુષો પાસે હોવી અનિવાર્ય છે.

**ભાગ - ૧**

ઈ.સ.ની પહેલી સદીથી ઈ.સ.૧૮૯૯ સુધીનાં તમામ યુદ્ધોમાં ભોગ બનેલા લોકોથી ત્રણ ગણા – આશરે ૧૧ કરોડ લોકો માત્ર વીસમી સદીમાં થયેલાં યુદ્ધોનો ભોગ બન્યા છે. આમાંનાં કેટલાંક યુદ્ધો તો ધર્મના નામે લડાયાં હતાં.

હિંસાના છેડાઓ ઘણાં ઊંડે સુધી પહોંચ્યા છે અને વિસ્તૃત પણ થયા છે. એના કોરડા સમાજ પર વિવિધ રીતે વીંઝાય છે. ઉદાહરણ તરીકે, રાજ્ય પ્રયોજિત હિંસા, મુક્તિ માટે હિંસા, આત્મઘાતી બોમ્બરો, પ્રવાહી વિસ્ફોટકો, પોલીસની પાશવતા, સ્ત્રીભ્રૂણ-હત્યા, ઘરેલુ હિંસા, સમુદ્રી હિંસા, પારિસ્થિતિક હિંસા, માનવ-અધિકારોનો ભંગ વગેરે.

**ભાગ - ૨**

હિંસા વ્યાપક બની છે, તો શાંતિના સંવર્ધન માટે કાર્ય કરવાની સભાનતા પણ વધી છે. હવે કદાચ સમય છે જખ્મો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ઉપચાર માટે કાર્યરત થવાનો. હવે આપણે શાંતિના સંવર્ધનને વેગ આપવાના વિવિધ કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

# શાંતિનાં સ્મારકો





**ઓરોવિલે**
– પોંડિચેરીની પરોઢની નગરી – આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક નગરી છે. માનવ-ઐક્યને સમર્પિત આ નગરીમાં ૪૩ દેશોના લોકો સુમેળપૂર્વક રહે છે.

**ચાઈના-સાઉથ કોરિયા ફ્રેન્ડશીપ ટાવર,**
હરબિન (ઉત્તર પૂર્વ ચીન).





# શાંતિનાં સ્મારકો





વિશ્વશાંતિ
સ્તૂપ,
એક બૌદ્ધ તીર્થ,
બિહાર.



શાંતિ અને
સુમેળનો પિરામિડ,
અસ્તાના,
કઝાખસ્તાન.



# ધાર્મિક અગ્રણીઓની સકારાત્મક ભૂમિકા



લબ્ધપ્રતિષ્ઠિત જૈન
ગુરુ **આચાર્ય મહાશ્રમણે**
કહ્યું, ''આંતરિક શાંતિનો
સૌથી મોટો અવરોધ છે ભાવાત્મક
અસંતુલન. જો પ્રયાસપૂર્વક વ્યક્તિ
પોતાની ભાવનાઓ પર અંકુશ
રાખતા શીખે તો આંતરિક
શાંતિ શોધવાની જરૂર ન
પડે.''

**બિશપ**
**ડેસ્મોન્ડ ટુટુ** કેપ
ટાઉનના સર્વપ્રથમ હબસી
આર્કબિશપ અને સાઉથ આફ્રિકાના
એંગ્લીકન ચર્ચના વડા હતા. ટુટુએ આ
પદનો ઉપયોગ રંગભેદ અને સાઉથ
આફ્રિકાની જાતિવાદી નીતિઓના
વિરોધ માટે કર્યો. તેમને ઈ.સ.૧૯૮૪
માં નોબેલ શાંતિ પુરસ્કાર
એનાયત થયો
હતો.



# ધાર્મિક અગ્રણીઓની સકારાત્મક ભૂમિકા



**બિશપ**
**ડિનિસ સેન્ગુલેન**,
ક્રિશ્ચિયન એઇડ પાર્ટનર, ક્રિશ્ચિયન કાઉન્સીલ ઓફ મોઝામ્બીકના પ્રમુખ છે. આ સંસ્થા શાંતિ અને સુમેળને ઉત્તેજન આપે છે, ગરીબો માટે સહાય મેળવે છે અને તેમના સામુદાયિક વિકાસની અનેક યોજનાઓ ચલાવે છે. મોઝામ્બિકમાં ૧૬ વર્ષ ચાલેલા યુદ્ધમાં દસ લાખ લોકોએ જાન ખોયા હતા ત્યાં શાંતિ સ્થાપવા બિશપે મધ્યસ્થીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી.

નવેમ્બર ૯, ૧૯૮૯ ના રોજ **''બર્લિન વોલ''**ના પતનની લાખો લોકોએ ઉજવણી કરી, અગિયાર મહિના પછી જર્મનીનું પુનઃજોડાણ થયું. પૂર્વ જર્મનીમાં ઇવાન્જેલીકલ ચર્ચોએ આ પરિવર્તન અને એકીકરણ માટે નોંધપાત્ર ભૂમિકા ભજવી.



# ધાર્મિક અગ્રણીઓની સકારાત્મક ભૂમિકા



**યોના મેટ્ઝર,** મુસ્લિમ દેશ કઝાખસ્તાનની મુલાકાત લેનારા પહેલા ઇઝરાયલી મુખ્ય ધર્મગુરુ હતા. તેમણે અપહૃત ઇઝરાયલી વેપારીને છોડાવવા માટે વાટાઘાટો કરી હતી.

આર્કબિશપ ઓફ કેન્ટરબરી **ડો. રોવન વિલિયમ્સે** સમલિંગકામીઓ માટે સહાનુભૂતિપૂર્ણ અપીલ કરી કે ''યાદ રાખો કે ઘણા દેશોમાં આવા લોકોને યાતનાઓ અને નિર્દયતાને વેઠવી પડે છે.''



# ધાર્મિક અગ્રણીઓની સકારાત્મક ભૂમિકા





''ધી આર્ટ ઓફ લિવિંગ''ના સ્થાપક **શ્રી શ્રી રવિશંકરે** કહ્યું, ''આપણે ટેક્નોલોજીની દૃષ્ટિએ પ્રગતિ સાધી છે, પરંતુ આપણે લોકોની ભાવાત્મક અને આધ્યાત્મિક જરૂરિયાતોની ખૂબ ઓછી કાળજી લીધી છે. ભિન્નતા એ સંઘર્ષ કે હિંસાનું કારણ બને તે પહેલાં આપણે વિવિધતાને આવકારી તમામ સંસ્કૃતિઓને અને ધાર્મિક પરંપરાઓને આદરસહિત સન્માનવી જોઈએ.''

**સ્વામી અગ્નિવેશ** કર્મઠ સમાજસેવક છે. તે મદ્યપાન, સ્ત્રીભૂણ-હત્યા, બંધવા અને નારીમુક્તિના અનિષ્ટો સામે અભિયાન ચલાવે છે.





# ધાર્મિક અગ્રણીઓની સકારાત્મક ભૂમિકા






**સ્વામી જિતાત્માનંદ** ભારપૂર્વક કહે છે, ''જ્યારે આપણે આધ્યાત્મિક સંસ્કૃતિ, નિહિત દિવ્યતાના આપણા મૂળભૂત ક્રાઇસ્ટ તથા બુદ્ધ સ્વરૂપ પ્રત્યે જાગ્રત થઈશું ત્યારે આપણા યુગમાં ધર્મના ભેદ છતાં શાંતિ સ્થપાશે.''

**સ્ત્રીભ્રૂણ-હત્યાના** અનિષ્ટને ડામવા માટે જાગૃતિ કેળવવા ભારત સરકાર ધાર્મિક અગ્રણીઓની સહાય લે છે.





# ધાર્મિક અગ્રણીઓની સકારાત્મક ભૂમિકા





**વડાપ્રધાન**
**ડૉ. મનમોહન સિંઘ**
આતંકવાદ સામેના યુદ્ધના સમર્થનની ખાતરી મેળવવા માટે મુસ્લિમ ધર્મગુરુઓને મળ્યા હતા.

# શિક્ષણની મહત્ત્વપૂર્ણ ભૂમિકા

**શિક્ષણમાં આધ્યાત્મિક પરિમાણ પર ભાર** આપણી સાંપ્રત શિક્ષણવ્યવસ્થામાં ''બુદ્ધિ-આંક'' (IQ) પર ભાર આપવામાં આવે છે, જ્યારે નિર્ણાયક એવા ''આધ્યાત્મિક-આંક'' (SQ) કે ''ભાવાત્મક-આંક'' (EQ) પર ઓછું ધ્યાન આપવામાં આવે છે. EQ ની ઊર્જા સંવેદનશીલતા કે અંતરાત્માના ગુણોને ઉપજાવે છે અને તેમાં વૃદ્ધિ કરે છે. દુર્ભાગ્યે આજે આપણી ચોપાસ જોવા મળતી હિંસા તેમ જ હ્રાસ માટે માનવીય સંવેદનાનો અભાવ જ જવાબદાર છે.





# શિક્ષણની મહત્ત્વપૂર્ણ ભૂમિકા



**ભારતની સર્વોચ્ચ અદાલત :** ''ધાર્મિક જ્ઞાનની ઊણપથી અસહિષ્ણુતા પાંગરે છે.'' ભારતની સર્વોચ્ચ અદાલતે સપ્ટેમ્બર ૨૦૦૨ માં આપેલા એક સીમાચિન્હરૂપ ચુકાદામાં જણાવ્યું કે ''ધર્મ વિશે જાણવાનો અધિકાર એ વિદ્યાર્થીઓનો મૂળભૂત અધિકાર છે. દેશના પ્રવર્તમાન સંજોગોમાં દેશની એકતા અને અખંડિતતા માટે ધર્મોનો અભ્યાસ જરૂરી હતો.''

ઈ.સ.૨૦૦૬થી **યુનિવર્સિટી ઓફ મુંબઈએ** ફિલોસોફી ઓફ કોમ્યુનલ હાર્મની એન્ડ સોશ્યલ પીસ(સામુદાયિક સંવાદિતા અને સામાજિક શાંતિ)નો એક અભ્યાસક્રમ દાખલ કર્યો છે.



# શિક્ષણની મહત્ત્વપૂર્ણ ભૂમિકા



### પીસ એજ્યુકેશન (શાંતિ શિક્ષણ)

'ધી વોશિંગ્ટન પોસ્ટ'ના કોલમેન મેક્કાર્થીએ ચેતવણી ઉચ્ચારી છે કે જો આપણે બાળકોને શાંતિ નહિ શીખવીએ તો અન્ય કોઈ તેમને હિંસા શીખવશે. આજે વિશ્વભરની ૪૦૦ થી વધુ યુનિવર્સિટીઓ અને કોલેજો આ વિદ્યાશાખામાં પદવીઓ એનાયત કરે છે.

### યુ.કે.ની સ્કૂલોમાં આંતરધર્મ-શિક્ષણ

વિવિધ ધર્મના અગ્રણીઓ અને વિદ્વાનોએ સાથે મળીને ઈ.સ.૧૯૯૪ માં રિલિજીયસ એજ્યુકેશન મોડેલ સીલેબસીસ (ધાર્મિક શિક્ષણના આદર્શ અભ્યાસક્રમો) રચ્યા. તે અન્વયે યુ.કે.ની કેટલીક સ્કૂલોમાં દુનિયાના છ મુખ્ય ધર્મો સફળતાપૂર્વક શીખવાય છે.



## શિક્ષણની મહત્ત્વપૂર્ણ ભૂમિકા



**પરમ પાવન જગદ્ગુરુ શ્રી સુત્તુરસ્વામીજી :** પ્રત્યેક આત્મામાં સારપનો એક અંકુર હોય છે જ. દ્વેષના, નફરતના ઝનૂનને પ્રેમની તાકાતથી જીતાય છે. શિક્ષણથી વ્યક્તિત્વ ખીલે છે; માનવીય અને નૈતિક મૂલ્યો પ્રત્યે આદર પ્રબળ થાય છે; દેશો, જાતિઓ કે ધર્મો વચ્ચેની સમજથી મૈત્રી અને સહિષ્ણુતાને પ્રોત્સાહન મળે છે અને શાંતિની જાળવણીમાં મદદ થાય છે. અહિંસા અને વિશ્વશાંતિ માટે શિક્ષણ એ એક દીર્ઘકાલીન ઉકેલ છે.

## મહાત્મા ગાંધીનો પ્રભાવ

**ગાંધી વિચારધારા અધ્યયનનો પ્રસાર** યુ.એસ.ના પૂર્વ ઉપપ્રમુખ **અલ ગોરે** કહ્યું છે, ''મોટા ભાગના વિશ્વમાં, મહાત્મા ગાંધીનું આધ્યાત્મિક અને નૈતિક નેતૃત્વ આજે પણ ગુંજે છે અને પ્રેરણા આપે છે.'' અમેરિકામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ૫૦ જેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ ગાંધી વિચારધારા પર અભ્યાસક્રમો શરૂ કર્યા છે. સમગ્ર વિશ્વમાં આવી સંસ્થાઓ અસ્તિત્વમાં છે. ગાંધીજીનો સંદેશ ભારતની કેટલીક જેલોમાં શીખવાય છે.



## મહાત્મા ગાંધીનો પ્રભાવ




**ઇઝરાયલનાં અને યુરોપનાં** પાઠ્યપુસ્તકોમાં ગાંધી વિચારધારા એક રાજકીય વિકલ્પ રૂપે અસ્તિત્વમાં છે. ગાંધીજીની પ્રતિમાઓ ન્યૂયોર્ક, લંડન અને જોહાનિસબર્ગમાં જોવા મળે છે.

## ઉપચાર માટે ન્યાય અનિવાર્ય

**કત્લેઆમ પછી** વર્ષો સુધી દોષીને સજા ન થાય, તો ઉપશમન પણ ન થાય કે શાંતિ પણ ન સ્થપાય.



# ઉપચાર માટે ન્યાય અનિવાર્ય



ઈ.સ.૧૯૯૩ના
**મુંબઈ બોમ્બ બ્લાસ્ટનો**
ચુકાદો આવતાં ૧૩ વર્ષ અને
૬ માસ થયા.
આંધ્રપ્રદેશ હાઇકોર્ટના જસ્ટીસ વી.
એસ. રાવ અનુસાર માર્ચ ૨૦૧૦માં
ભારતની અદાલતોમાં આશરે
૩.૧૩ લાખથી વધુ
પડતર કેસો
હતા.

**આર્કબિશપ**
**ડેસમન્ડ ટુટુ** ન્યાયની સંકલ્પનાને
આ પ્રમાણે સમજાવે છે : સાઉથ
આફ્રિકામાં વ્યવહારમાં જે પ્રકારનો ન્યાય
છે તેને હું દંડાત્મક નહિ પણ સુધારણાલક્ષી
ન્યાય કહીશ, તેને મૂળભૂત રીતે સજા સાથે
સંબંધ નથી. એનાથી ઘા ઝડપથી રૂઝાય છે.
અમે માનીએ છીએ કે અધમ
જાતિયવાદીમાં પણ બદલાવની ક્ષમતા
હોય છે.... તેને જરૂર છે
પુન:સંકલનની.



# ક્ષમાના સ્પર્શથી ઉપચાર



માર્ચ
૨૦૦૦ માં સદ્ગત
**પોપ જ્હોન પોલ** - II એ
ભૂતકાળમાં સત્યના નામે
થયેલી હિંસા અને
પરધર્મીઓ પ્રત્યેની શત્રુતા
માટે ક્ષમા પ્રાર્થી
હતી.

પૂર્વ
વડાપ્રધાન
**જુનિકિરો કોઝુમીએ**
જાપાનીઝ સૈન્યના આક્રમણને
કારણે લોકોને ભોગવવી પડેલી
યાતના માટે માફી માગી અને
પ્રતિજ્ઞા લીધી કે ટોકિયો
ક્યારેય યુદ્ધની પહેલ
નહિ કરે.



## ક્ષમાના સ્પર્શથી ઉપચાર



ઈ.સ.૧૯૮૪નાં રમખાણોમાં હજારો શીખોની હત્યા માટે ભારતના વડાપ્રધાન **ડૉ. મનમોહન સિંઘે** પાર્લમેન્ટમાં રાષ્ટ્રની ક્ષમા માગી હતી.

**જમ્મુનું રામકૃષ્ણ સેન્ટર**

રામકૃષ્ણ મિશનનું એક સેન્ટર જમ્મુ(કાશ્મીર)માં છે. તે તોફાનગ્રસ્ત વિસ્તારમાં સેવાના આદર્શો અને આધ્યાત્મિકતાને સાંકળીને ઉપચારનો સ્પર્શ આપે છે.



## ક્ષમાના સ્પર્શથી ઉપચાર





**કિરણ બેદીએ** હિંસા અને નશાખોરીથી વ્યાપ્ત તિહાર જેલમાં કેદીઓની જિંદગી વધુ ઉપયુક્ત બને તે માટે પ્રાર્થના, ધ્યાન અને સલાહ-મસલત (કાઉન્સેલિંગ) દાખલ કર્યાં. અહો આશ્ચર્યમ્ ! તિહાર જેલ હવે 'તિહાર આશ્રમ' તરીકે ઓળખાવા લાગી છે.

## આતંકના વિરોધમાં મુસ્લિમો

માર્ચ ૨૦૦૬ માં વારાણસીના **સંકટ મોચન મંદિર** પર હુમલો થયો ત્યારે મુસ્લિમ દુકાનદારો પણ સર્વ ધર્મ શાંતિ કૂચ(All Religion Peace March)માં જોડાયા હતા.





# ઉદારમતવાદી ઈસ્લામની શીખ





સમર્પિત
ઉદારમતવાદી
**અમ્ર ખાલેદ** તેમના
ટેલિવિઝન પરનાં ધાર્મિક
વ્યાખ્યાનોમાં દર્શકોને કટ્ટરવાદને
નકારવાની અને સહિષ્ણુ બનવાની
વારંવાર સલાહ આપે છે. એમનો
પ્રેરણાત્મક સંદેશ લાખો
મુસ્લિમો સુધી
પહોંચે છે.

# ઉદારમતવાદી ઈસ્લામની શીખ

ટર્કીશ
ફિલસૂફ અને
શાંતિમય સહ-અસ્તિત્વને
પ્રોત્સાહન આપતી ગુલેન
ચળવળના નેતા
**એમ. ફેથુલ્લાહ ગુલેન** પોતાની
વિચારધારા દ્વારા સંવાદ, શાંતિ
અને ઈસ્લામના ઉદારમતવાદી
દૃષ્ટિકોણ માટે
સંદેશ આપે છે.





# તટસ્થ સંચાર-માધ્યમો



શાંતિ-સ્થાપન માટે સંચાર-માધ્યમો હકારાત્મક કે નકારાત્મક ભૂમિકા ભજવી શકે. ઈ.સ.૨૦૦૫માં મહંમદ પયગંબરસાહેબને જેમાં અનુચિત રીતે દર્શાવ્યા હતા તે **ડેનિશ કાર્ટૂન વિવાદથી** વિશ્વભરમાં હિંસા અને હત્યાઓ થઈ હતી. આ મહદંશે ટાળી શકાયું હોત.

**પીસ સ્ટેશન ઓફ રેડિયો કશ્મિર** – સંઘર્ષગ્રસ્ત કશ્મિરની સૌપ્રથમ FM રેડિયો ચેનલનો એક દૃઢ મૂળભૂત સિદ્ધાંત છે – રાજ્યમાં હજુ પણ ભભૂકી રહેલી હિંસાનો મુદ્દો ન લેવો



# આંતરધર્મ ચળવળનું સામર્થ્ય



કેટલાંક
મહત્ત્વનાં વૈશ્વિક
સંગઠનો છે : **ઈન્ટરનેશનલ
એસોસીએશન ફોર રિલિજીયસ
ફ્રીડમ,** રિલિજીયન્સ ફોર પીસ એન્ડ
યુનાઇટેડ રિલિજીયન્સ ઇનિશ્યેટિવ.
તેમનાં મહત્ત્વનાં કાર્યક્ષેત્રો છે – શાંતિ
અભિયાનને સમર્થન, સંઘર્ષ-સમાધાન,
માનવ-અધિકારોને પ્રોત્સાહન,
ધાર્મિક સ્વાતંત્ર્યની તરફેણ,
ગરીબી નિવારણ વગેરે.

આંતરધર્મની
ચળવળનું સામર્થ્ય
લગભગ બધાં જ આંતરધર્મ
સંગઠનો માટે **સંવાદ** એ મહત્ત્વનો
ઉકેલ છે. વિખ્યાત ખ્રિસ્તી ધર્મશાસ્ત્રી
**હાન્સ કુન્ગએ** કહ્યું છે, ''ધર્મો વચ્ચે
શાંતિ વગર દેશો વચ્ચે શાંતિ
નહિ. ધર્મો વચ્ચે સંવાદ વગર
ધર્મોમાં શાંતિ ન
થાય.''



# આંતરધર્મ ચળવળનું સામર્થ્ય



**રશિયન રૂઢિવાદી ચર્ચમાં** બે પક્ષો વચ્ચે આઠ દાયકાથી પડેલી મડાગાંઠ ઈ.સ.૨૦૦૭ના મે માસમાં **સંવાદ** દ્વારા ઉકલી.

**નેલ્સન મેન્ડેલાએ** કહ્યું, ''રંગભેદના અનિષ્ટનો અંત લાવવામાં આંતરધર્મની એકતાની શક્તિ નિર્ણાયક હતી.''



## આંતરધર્મ ચળવળનું સામર્થ્ય



આંતરધર્મ ચળવળના
પ્રબળ હિમાયતી **હોમી ધાલા**
કહે છે,
''આંતરધર્મ સંવાદથી વિવિધ
યોજનાઓ માટે આંતરધર્મ સહયોગ
પ્રાપ્ત થવો જોઈએ. તદુપરાંત તે
આધ્યાત્મિકતા વધારનારો
અનુભવ હોવો
જોઈએ.''

## યુવાવર્ગને પ્રોત્સાહન

**શાંતિનો**
**આરંભ – પરિવારથી**

વાલીઓએ ઘરમાં પ્રેમ અને શાંતિ-
નાં મૂલ્યોનું સંવર્ધન નાનપણથી જ
થાય તેમ કરવું જોઈએ, બાળકોનાં
મનમાં સમાજ પ્રત્યે કર્તવ્યભાવના
જગાડવી જોઈએ.
શાંતિ એટલે સંઘર્ષનો અભાવ
નહિ પરંતુ રોજબરોજની
વાસ્તવિકતા.



# યુવાવર્ગને પ્રોત્સાહન






સરહદ
પારના મિત્રો **જહોન સિલિફન્ટ** અને **માર્ક પીટર્સે** વિશ્વશાંતિ માટે એક નવો અભિગમ અપનાવ્યો. એમણે સદ્ભાવનાના સંકેત તરીકે ભારતીય બાળકોના મૈત્રીભર્યા પત્રો એકત્રિત કરીને પાકિસ્તાની બાળકોને પહોંચાડ્યા. સિલિફન્ટ કહે છે કે ''જ્યારે એ બે બાળકો સંકળાય ત્યારે એક ચિરસ્થાયી નાતો બને છે. અને જો તમે આખી પેઢીને સાંકળો તો જ્યારે તે બધાં બાળકો મોટાં થાય ત્યારે દુનિયા જુદી જ મનઃસ્થિતિવાળા લોકોની બને છે.''



**યુવાવર્ગ માટે ગાંધીજીનું પુનઃઆવિષ્કરણ**

ગાંધીજીનાં સહિષ્ણુતા અને શાંતિનાં મૂલ્યોના આવિષ્કરણ માટે માર્ચ ૨૦૧૦ માં સાબરમતી આશ્રમમાં એક આંતરરાષ્ટ્રીય યુવાશિબિર યોજાઈ હતી. દક્ષિણ-પૂર્વ એશિયાના ૧૦ દેશોના ૨૧ સદસ્યોએ તેમાં ભાગ લીધો હતો. આ આશ્રમમાં ઈ.સ.૧૯૩૦ સુધી ગાંધીજીનો નિવાસ હતો.



# યુવાવર્ગને પ્રોત્સાહન



પથરામાંથી
પાઠશાળાઓ
યુ.એસ.ના પર્વતારોહી **ગ્રેગ મોર્ટેન્સન** પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં બોમ્બ નહિ પરંતુ પુસ્તકો દ્વારા શાંતિ માટે પ્રોત્સાહન આપે છે. તેમણે છેવાડાનાં ગામોમાં ૧૦૦ જેટલી શાળાઓ બાંધી છે.

શાંતિનાં
બીજ -લેખક **જહોન વોલાક** માર્ચ ૧૯૯૩ માં શરૂ કરેલો — નહિ નફો અને બિનસાંપ્રાદાયિક શાંતિબીજ પ્રોગ્રામ, આવતીકાલના નેતાઓ તૈયાર કરીને સંઘર્ષ-સમાધાન પર કેન્દ્રિત કર્યો છે. તે યુવાવર્ગને સહ-અસ્તિત્વ અને સુમેળના સંવર્ધન માટે સજ્જ કરે છે. તેમાં મધ્ય-પૂર્વના તેમ જ સંઘર્ષગ્રસ્ત અન્ય પ્રદેશોના કિશોરોને આવરી લેવાય છે.



# શાંતિ માટે કલાકારો



**મુંબઈના ઈ.સ.૧૯૯૨નાં રમખાણો** પછી કલાકારોએ એક ગ્રુપ બનાવ્યું, Artists Against Communalism (કોમવાદના વિરોધમાં કલાકારો). મહાન સિતારવાદક રવિશંકરે ''શાંતિ અને પ્રેમ'' નો સાદ દીધો.

રોક બેન્ડ યુ ર ના **બોનો** કહે છે, ''હું છેવાડાના નિર્ધનોનું અને સૌથી વધુ અસુરક્ષિતોનું પ્રતિનિધિત્વ કરું છું. આધ્યાત્મિક સ્તરે.... એવા લોકોના આક્રોશ, રોષ, પીડાનું હું નિરૂપણ કરું છું.''



# શાંતિ માટે કલાકારો





**વેક્ષ (બેંગ્લુરુ),** સ્ટીલ વોટર્સ (નાગાલેન્ડ) અને રંઘર (મુંબઈ) જેવા ભારતીય યુવા બેન્ડ શાંતિ માટે તેમની ગીટારોની સૂરાવલી રચે છે.

ઇઝરાયલી અને આરબ સંગીત-કારોએ ઈ.સ.૧૯૯૯માં **'ધી વેસ્ટ-ઈસ્ટર્ન દિવાન ઓરકેસ્ટ્રા'** બનાવ્યું. એનો ઉદ્દેશ – મધ્ય-પૂર્વમાં શાંતિ અને આંતરસાંસ્કૃતિક સંવાદ વિકસાવવાનો છે.





# શાંતિ માટે કલાકારો



ઈરાક
યુદ્ધના નિખાલસ
આલોચક અને પ્રખ્યાત
ગાયક **હેરી બેલાફોન્ટે** પોતાની
પ્રતિષ્ઠાનો ઉપયોગ કરીને,
નાગરિક અધિકારના આંદોલન દ્વારા
(Civil rights movement) આફ્રિકા માટે
લાખો લોકોને એકત્રિત કર્યા અને
રંગભેદ વિરોધી ચળવળને
ટેકો આપ્યો.

ઓસ્કાર
વિજેતા અમેરિકન
અભિનેતા **જ્યોર્જ ક્લૂનીએ**
જ્યાં પાંચ વર્ષમાં ૩,૦૦,૦૦૦
લોકો મરી ગયા હતા તે દરફૂર
(સુદાન) માટે સક્રિય
અભિયાન
ચલાવ્યું હતું.



# શાંતિ માટે કલાકારો





'આઝાદ
તિબેટ'' માટે
સક્રિય હોલિવુડના
અભિનેતા **રિચાર્ડ ગેરે**
દલાઈ લામાના
નામાંકિત શિષ્ય છે.
શાંતિ માટે
કલાકારો

**માઈકલ**
**મૂરે** પોતાની સતત
જકડી રાખતી ફિલ્મ
''ફેરનહીટ ૯/૧૧'' દ્વારા ઈરાક
યુદ્ધ ફરતેના ગપગોળાઓના
ચૂરેચૂરા કરી નાખ્યા અને એ
કટોકટી સમયે અમેરિકન
સરકારની ભૂમિકા વિશે
પ્રશ્ન ઉઠાવ્યા.



# શાંતિ માટે કલાકારો



બીજા
વિશ્વયુદ્ધ સમયના
મહાસંહારમાંથી બચી
ગયેલાં **સારા એટ્ઝમોન**
પોતાના અનુભવોને અનેક ચિત્રો
દ્વારા દુનિયા સમક્ષ રજૂ કરે છે.
તેમનાં હાથે દોરેલાં ચિત્રો
ઇરાકમાં શાંતિનો સંદેશ
ફેલાવે છે.

જર્મન
નોબેલ પારિતોષિક
વિજેતા **ગુન્ટર ગ્રાસે** અપીલ
કરી કે ''સર્જકોએ આતંકવાદ,
શરણાર્થી-સમસ્યા, વૈશ્વિક તપન
(Global Warming) જેવી સળગતી
સમસ્યાઓ પર લખવું જોઈએ...
સર્જકોએ જેઓને અવાજ નથી
તેમને સાંભળીને, તેઓ માટે
પોતાનો અવાજ ઉઠાવવો
જોઈએ.''



# શાંતિ માટે કલાકારો



કોલકત્તાના
**ફાધર સજુ જ્યોર્જ**
ભારતનાટ્યમ નૃત્ય
દ્વારા ધાર્મિક ઐક્ય
અને સંવાદિતાનો
ઉપદેશ આપે છે.

ભારત-
નાટ્યમ્‌ના પ્રતિનિધિ
**મલ્લિકા સારાભાઈ** ગુજરાત
રાજ્યમાં ઈ.સ.૨૦૦૨નાં કોમી
રમખાણોના પીડિતોના ઘા રૂઝવવા-
નો પ્રયાસ કરી રહ્યાં છે. આથી
તેઓ શાંતિ અને સદ્‌ભાવનાના
નીડર અને મુખર સમર્થક
તરીકે જાણીતાં
છે.



# શાંતિ માટે કલાકારો



**દલાઈ**
**લામાએ** ઈ.સ.૧૯૯૮માં
World Festival of Sacred Music
(પાવન સંગીતનો
વિશ્વસમારોહ)નો આરંભ કર્યો.
તેઓએ કહ્યું, ''સંગીત એ પોતાની
અન્ય સાથેની સંવાદિતાની ઝંખનાનું
પ્રતીક છે. સંગીતમાં કંઈક એવું છે
જે આપણને ઉપર ઉઠાવીને
એકરૂપ બનાવે છે.''

**સીમા સહેગલ**
પોતાની કવિતા અને ગીતો
દ્વારા ભારત-પાકિસ્તાન મિત્રતાને
પ્રોત્સાહન આપી રહ્યાં છે. તેઓ કલાની
વૈશ્વિકતાને દોહરાવતાં કહે છે, ''સંગીત
અને કલા સરહદો, રાષ્ટ્રીયતા અને
ધાર્મિક ઝનૂનની સરિયામ અવજ્ઞા કરે
છે.'' તેઓ કવિતા અને સંવાદ દ્વારા
ભારત-પાક સંબંધોને
સુધારવા માટે
સમર્પિત છે.



# બોલીવૂડ દ્વારા શાંતિને પ્રોત્સાહન





**સચિન તેંડુલકર** અને **રોજર ફેડરર** જેવા સુપ્રસિદ્ધ ખેલાડીઓએ પોતાના સ્મૃતિચિહ્નો રાહુલ બોઝના ફાઉન્ડેશનને દાન કર્યાં છે, જે વંચિત બાળકોને સહાય કરે છે.

**આમીર ખાન** દ્વારા અભિનીત ફિલ્મ 'રંગ દે બંસતી', ભારત તરફથી ઓસ્કારમાં મોકલવામાં આવી હતી. તે કહે છે કે અહિંસાનું મહત્ત્વ એ આ ચલચિત્રનો સૌથી નોંધપાત્ર સંદેશો છે.



# બોલીવૂડ દ્વારા શાંતિને પ્રોત્સાહન



**શાહરૂખ ખાને**
આતંકવાદ સામે અવાજ ઉઠાવ્યો છે. તે કહે છે કે 'આતંકવાદ એ દેશ વિરોધી કૃત્ય છે, કોઈ ધર્મ વિરોધી નહીં.'

**સ્ત્રીભ્રૂણ-હત્યા**
સામે પોતાના ટેકો દર્શાવવા બોલીવૂડની કેટલીક વિખ્યાત હસ્તીઓએ રેમ્પ-વોક કર્યું હતું.



# બોલીવૂડ દ્વારા શાંતિને પ્રોત્સાહન




**કેટલીક ભારતીય ફિલ્મો** ખાપ પ્રથા (Honour killing), દહેજ, બાળવિવાહ અને જ્ઞાતિપ્રથાને દૂર કરવાનો સામાજિક સંદેશો આપે છે.

**શિલ્પા શેટ્ટી, અજય દેવગન અને પ્રિયંકા ચોપરા** શાંતિને પ્રોત્સાહન આપે છે.



# શાંતિ માટે ખેલકૂદ





ઈ.સ.૨૦૦૫માં
ગાંધીજીની જન્મજયંતી ૨
ઓક્ટોબરના રોજ દિલ્હીમાં
યોજાયેલી શાંતિયાત્રામાં ભૂતપૂર્વ વર્લ્ડ
હેવી વેઇટ બોક્સિંગ ચેમ્પિયન
**ઇવાન્ડર હોલીફિલ્ડ** અને
બાસ્કેટબોલના વિખ્યાત ખેલાડી
**માઇકલ જોર્ડન** જોડાયા હતા.
હોલીફિલ્ડે કહ્યું હતું કે, ''હું ગાંધીજીનો
બહુ મોટો ચાહક છું. તેમના આદર્શો પર
આજે ચાલવા મળ્યું તે માટે હું મારી
જાતને સદ્‌ભાગી માનું
છું.''

તિબેટિયન
સમાજસેવક **લ્હાકપા
ત્સેરિંગે** પોતાના દેશની
આઝાદી માટે ૨૨ દેશોમાં યાત્રા
કરી સંદેશો ફેલાવ્યો. તેમની
આ યાત્રા ''ફ્રી તિબેટ વર્લ્ડ
ટુર'' તરીકે
ઓળખાઈ.



# શાંતિ માટે ખેલકૂદ



**તેગલા લોરૂપનો** ઉછેર યુગાન્ડામાં ગરીબી, અત્યાચારો અને બળાત્કારથી ગ્રસ્ત એવા ગુનાહિત વાતાવરણમાં થયો હતો. વર્લ્ડ રેકોર્ડ ધરાવનાર મેરેથોનરે ઈ.સ.૨૦૦૩માં પીસ ફાઉન્ડેશનની રચના કરી. તે અન્વયે અત્યાર સુધીમાં એક લાખથી વધુ લોકોએ પોતાનાં હથિયાર હેઠાં મૂક્યાં છે. તે કહે છે કે, 'હું ખેલકૂદ દ્વારા શાંતિ લાવવા માગું છું.''

કેટલીક પ્રસિદ્ધ રમતો એશિયનોના નકારાત્મક અભિગમને ઉત્તેજન આપે છે. **પ્રો.મેલાની કીલેને** "Cool School : Where Peace Rules" ('કૂલ સ્કૂલ: વ્હેર પીસ રૂલ્સ') નામની નવી રમત રજૂ કરી જે નવી પેઢીને શાંતિ અને અહિંસા શીખવે છે.



# શાંતિના અન્ય સૂર



ઈ.સ.૨૦૦૫
નાં ફ્રેન્ચ રમખાણો પછી
મુસ્લિમ વિદ્વાન **તારીક**
**રમાદાને** કહ્યું, ''સામાજિક આર્થિક
દૃષ્ટિએ ફ્રાન્સનું ઐક્ય એ એક
ગપાટો છે... ધાર્મિક વિભાજન એ એક
વળગણ છે, પરંતુ એક બાજુ લઘુમતી
વિસ્તાર અને બીજી બાજુએ સુખી
વિસ્તારોમાં કોઈને આવા ધાર્મિક
વિભાજનો નજરે પડતા
નથી.''

સપ્ટેમ્બર ૨૦૦૬ માં
જ્યાં ૪૫૬ સોવિયેત પરમાણુ
ટેસ્ટ થાય તે સેમિપલટિંસ્કમાં
''Central Asian Nuclear-Weapons-
Free Zone Treaty'' પર સહી થઈ.
આ કરારના મુખ્ય યોજકોમાંના
એક છે: કઝાખસ્તાનના પ્રમુખ
નાઝાર્બેયેવ
છે.



# શાંતિના અન્ય સૂર



પાકિસ્તાનના
પૂર્વ **પ્રમુખ મુશર્રફે** સપ્ટેમ્બર ૨૦૦૬
માં યુનાઇટેડ નેશન્સમાં કહ્યું, ''ઇસ્લામી
રાજ્યને સંડોવતા દરેક નવા રણક્ષેત્ર આતં-
કવાદીઓ અને ઉગ્રવાદીઓનાં નવાં ઉછેર-
કેન્દ્રો બન્યાં છે. વિવેકહીન બોમ્બમારો,
નાગિરક જાનહાનિ, યાતનાઓ, નાગરિક
અધિકારોનો ભંગ, જાતિવાદ વિશેનાં
ઉચ્ચારણો, ભેદભાવ—એ બધાં
આતંકવાદને પરાજિત કરવાના
પડકારમાં કેવળ વિઘ્નો ઊભા
કરે છે.

મહારાષ્ટ્રના
પૂર્વ ગવર્નર
**ડો. પી. સી. એલેકઝાન્ડરનું**
અવલોકન છે, ''વર્ષોથી
જમીન-સુધારણામાં નિષ્ફળતા,
આદિવાસીઓની જમીનો જબરજસ્તીથી
પડાવી લેવી જેવાં સામાજિક-આર્થિક
પરિબળોને કારણે કેટલાક
વિસ્તારોમાં હિંસા અને વિદ્રોહ
ઉદ્ભવ્યાં છે.''



## શાંતિના અન્ય સૂર



**મુઝફ્ફર અલિ** સંઘર્ષમાં સંવાદિતા શોધે છે અને આ-જની ખંડિત દુનિયામાં સુફીવાદ સુસંગત હોવાની તરફેણ કરે છે. ફિલ્મો, કલા અને સંગીતમાં ગૂઢવાદીતા કે સૂફી સંદેશને સમાવવા કહે છે.

## પ્રકૃતિના રક્ષક

''An Inconvenient Truth'' (અણગમતું સત્ય) નામની દસ્તાવેજી ફિલ્મથી વૈશ્વિક તપન (Global Warming) તરફ દોરી જતી પારિસ્થિતિક હિંસા વિશે ''ઓઝોન મેન'' **અલ ગોર** પોતાનો સંદેશ આપે છે.



# પ્રકૃતિના રક્ષક




ઈ.સ.૧૯૭૦ના દાયકામાં વનોના નિકંદન સામે ભારતભરમાં વિરોધ થયો હતો. આ શાંતિમય વિરોધ સંગઠિત થયો અને **''ચીપકો ચળવળ''** તરીકે જાણીતો બન્યો. આ ચળવળના સમર્થકો કપાતા વૃક્ષોની રક્ષા માટે ખરેખર વૃક્ષને ચોંટી રહેતા. (હિંદીમાં 'ચીપકો'નો શાબ્દિક અર્થ ''ચોંટવું'' એવો થાય છે.)

કેન્યામાં પુન:વનીકરણના પ્રયાસો માટે **વાંગરી મથાઈ** નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનારા પ્રથમ આફ્રિકન મહિલા હતાં. તે ચળવળને આફ્રિકાની Greenbelt Movement (ગ્રીનબેલ્ટ ચળવળ) કહે છે. તે અન્વયે ઈ.સ.૧૯૯૩ સુધીમાં કેન્યામાં ૨ કરોડ વૃક્ષો રોપવામાં આવ્યાં છે.



# ગરીબી શાંતિમાં વિઘ્નરૂપ



''ગરીબી
એ હિંસાનું
અત્યંત અધમ
રૂપ છે.''
**– મહાત્મા ગાંધી**

વર્લ્ડ
બેન્કના પૂર્વ પ્રમુખ
**જેમ્સ વોલ્ફેન્સોહ્ને** કહ્યું હતું,
''ગરીબી એ માત્ર
ન્યાયસંગતતા કે સામાજિક ન્યાયનો
મુદ્દો નથી – અંતે તો એ શાંતિની
સમસ્યા છે. વિશ્વમાં જ્યાં ગરીબી ચાલુ
જ રહે છે, ત્યાં સ્થિરતા અસંભવ
છે, ત્યાં લાંબા ગાળાની શાંતિ
તો અશક્ય
જ છે.''



# ગરીબી શાંતિમાં વિઘ્નરૂપ



યુ.એસ.ના
પૂર્વ પ્રમુખ સદ્‌ગત
**આઇઝન હોવરે** ઈ.સ.૧૯૫૩
માં કહ્યું હતું કે, ''બનાવેલી પ્રત્યેક
બંદૂક, તરતું મુકાયેલું પ્રત્યેક
યુદ્ધજહાજ, પ્રક્ષેપિત થતું પ્રત્યેક રોકેટ
– એ બધાં અંતે તો જે જમ્યા નથી,
ભૂખ્યા છે, નાઉમેદ છે, નિર્વસ્ત્ર છે
તેવા પાસેથી છીનવાયેલા
ધનમાંથી બનેલાં છે, તે
ચોરી છે.

**આ**
**આંકડા બોલે છે :**
વિશ્વમાં દર ૫ સેકન્ડે
એક બાળક મરે છે.

ભારતમાં દર ૧૫ સેકન્ડે
એક બાળક
મરે છે.



# ગરીબી શાંતિમાં વિઘ્નરૂપ




**ઈરાક યુદ્ધનો** પ્રતિ સેકન્ડનો ખર્ચ ૫,૦૦૦ ડોલર હતો. યુદ્ધનો આખરી ખર્ચ ૩ અબજ ડોલર હતો. ભારતનો વર્ષ ૨૦૧૦-૨૦૧૧ નો સંરક્ષણ ખર્ચ છે – ૧,૪૭,૩૪૪ કરોડ રૂપિયા.

**યુ.એસ. કોંગ્રેસના** અંદાજ પ્રમાણે એશિયા મધ્ય પૂર્વ, લેટિન અમેરિકા અને આફ્રિકાના દેશો દ્વારા શસ્ત્રો પર સરેરાશ ૨૨ અબજ ડોલર ખર્ચાય છે. તેમાંથી થોડા પણ જો ગરીબી ઘટાડવાને શિક્ષણ તેમજ સ્વાસ્થ્યને માટે ખર્ચાય તો તેનાથી Millennium Development Goals (સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યો) સાધી શકાશે.



# શાંતિદૂત



બીજા
વિશ્વયુદ્ધના
મહાસંહારમાંથી બચી
ગયેલાં, નોબેલ શાંતિ પુરસ્કાર
વિજેતા **એલી વિઝલ** કહે છે કે
''આપણે દ્વેષભાવ સામે લડવું
જોઈએ, અન્યાય સામે મૂંગા
રહેવું તથા વિમુખ રહેવું તેના
જેવું મોટું પાપ કોઈ
નથી.''

ઈરાની માનવ
અધિકારના કર્મઠ
સમાજસેવક **શિરિન ઈબાદીને**
ઈ.સ.૨૦૦૩માં નોબેલ શાંતિ
પુરસ્કાર મળ્યો. તેઓ અખબારી
સ્વાતંત્ર્ય અને જાતીય સમન્યાયના
પ્રોત્સાહન માટે તેમ જ બાળકો
સાથે દુર્વ્યવહાર સામે
સક્રિય છે.



# શાંતિદૂત



વિખ્યાત કવિ
તેમજ નાટ્યકાર
**વાક્લાવ હાવેલે** ઈ.સ.૧૯૮૯ માં
ઝેકોસ્લોવાકિયાની સામ્યવાદી
સરકારને રક્તવિહીન ક્રાંતિ દ્વારા
ઉથલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો
હતો. તેને 'વેલ્વેટ રેવોલ્યુશન' ('velvet
revolution') નામ અપાયું હતું. તેઓ
પાછળથી ઝેકોસ્લોવાકિયાના
પ્રમુખ તરીકે ચૂંટાયા
હતા.

અમેરિકાના
પૂર્વ **પ્રમુખ ક્લિન્ટને** કહ્યું હતું કે
''જો આપણે માત્ર એક વિમાન ઓછું આપ્યું
હોત તો આતંકવાદીઓ કેટલા ઓછા થયા હોત
તે તો કેવળ ભગવાન જ કહી શકે, પરંતુ તે જ
નાણાં ભણતરમાં વાપર્યાં હોત તો કેટલાક વધુ ઈજનેરો
તેમજ વૈજ્ઞાનિકોને આપણે ભણાવી શક્યા હોત.''
તેમણે આ શબ્દો ડિસેમ્બર ૨૦૦૬માં કેનેડામાં
યોજાયેલી બાળગરીબીની પરિષદમાં પાકિસ્તાન માટે
કહ્યું હતું. ક્લિન્ટને Clinton Global Initiative
(CGI) નામની એક સંસ્થા પણ શરૂ કરી છે, જે
શિક્ષણ, આબોહવા, આરોગ્ય તેમજ
ગરીબી-નિવારણ માટે
કાર્યરત છે.



# શાંતિદૂત



ઈ.સ.૨૦૦૧-
૨૦૦૯ દરમિયાન
Amnesty International નાં પ્રમુખ
બનેલાં **આઈરિન ખાન** પ્રથમ
એશિયન અને પ્રથમ મહિલા પ્રમુખ
હતાં. તેઓ માને છે કે ન્યાય તેમજ
માનવ-અધિકારના આદર વિના શાંતિ
શક્ય નથી. તેમને ઈ.સ.૨૦૦૬માં
સિડની શાંતિ પુરસ્કાર
એનાયત થયો
હતો.

**લેક
વાલેસાએ ગન્સ્ક**
(પોલેન્ડ) ખાતે એક
હડતાલનું નેતૃત્વ કર્યું હતું, જેના
પરિણામે પોલેન્ડમાં તથા અન્ય
સ્થળોએ સામ્યવાદનું પતન થયું
હતું. તેમને લોકશાહીનાં તરફદાર
તરીકે યાદ કરાય છે. તે
પાછળથી પોલેન્ડના પ્રમુખ
થયા હતા.



# શાંતિદૂત



અમેરિકા-
ના **પૂર્વ પ્રમુખ કાર્ટરે**
કહ્યું હતું કે ''વેસ્ટ બેન્કમાં જે
થઈ રહ્યું છે તે ઇઝરાઇલી ધર્મના
મૂળભૂત સિદ્ધાંતોથી તદ્દન વિરુદ્ધનું છે
તેમ જ ઇઝરાઇલ દેશની રચના વખતના
મૂળભૂત સિદ્ધાંતોથી પણ તદ્દન વિરુદ્ધનું
છે. લશ્કરી દળો પોતાના કબજા
હેઠળના ક્ષેત્રમાં જે કરી રહ્યાં છે તે
પેલેસ્ટાઇનના લોકો પર થઈ
રહેલા અપરાધો
છે.''

**જોર્ડનનાં**
**રાણી રાનીયા** સ્ત્રી-
સશક્તિકરણ માટે કામ કરે છે.
તેમણે નાની રકમ ઉધાર આપવાનું
(micro-lending) એક અભિયાન શરૂ
કર્યું છે. તેઓ માને છે કે ''આ માત્ર
ગરીબી દૂર કરવાનો જ ઉપાય
નથી, પરંતુ સ્વનિર્ભર થવા-
નો ઉપાય પણ છે.''



# શાંતિદૂત



બ્રિટનના ખૂબ પ્રતિષ્ઠિત અને 'મુસ્લિમ વિરુદ્ધના મુસ્લિમ' **એડ હુસેન** સમાવર્તન અને બહુસંસ્કૃતિવાદના પ્રતિક સમા છે. તેઓ દૃઢપણે માને છે કે તેમની આસ્થા ખુંચવાઈ ગઈ છે અને મુસ્લિમ યુવાનો ઇસ્લામના શાંતિપૂર્ણ સદ્‌ગુણોની ઉપેક્ષા કરે છે.

**રોટરી ક્લબના સદસ્યો** શાંતિના સંવર્ધન માટે બે કાર્યક્રમ કરી રહ્યા છે : Rotary World Peace Fellowships and Rotary Peace and Conflicts Studies (રોટરી વિશ્વશાંતિ ભાઈચારો તેમ જ રોટરી શાંતિ અને સંઘર્ષ -અભ્યાસો).

# શાંતિદૂત



અમેરિકા-
ના પૂર્વ પ્રમુખ સદ્‌ગત
**રેગનનું બ્રાન્ડેનબર્ગ** પ્રવચન
૧૨ જુન, ૧૯૮૭ ના રોજ અપાયેલા
આ પ્રખ્યાત પ્રવચનમાં નૈતિક
સમજાવટની શક્તિ વર્તાય છે. ''જનરલ
સેક્રેટરી ગોર્બાચોવ, આપ જો શાંતિ,
સમૃદ્ધિ તેમજ સ્વતંત્રતા ઈચ્છતા હો તો,
આવો આ દરવાજા પાસે આવો.
શ્રીમાન ગોર્બાચોવ, આ દરવાજો
ખોલો ! .... આ દીવાલ
તોડી પાડો.''

રશિયા-
ના પૂર્વ પ્રમુખ
**મિખાઈલ ગોર્બાચોવ** બોલ્યા
હતા કે ''સલામતી સમિતિના કે
બીજા દેશોના અભિપ્રાયની કદર
કર્યા વિના, પરવા કર્યા વિના
અમેરિકાએ ઇરાક પર આક્રમણ
કર્યું, જેનાં પરિણામ વિનાશક છે.
લશ્કરી તાકાતના ઘમંડથી આ
ગંભીર સમસ્યા સર્જાઈ
છે.''





**નોઅમ ચોમ્સ્કીએ** કહ્યું છે કે ''અમેરિકાનું ઇરાક પરનું આક્રમણ તે અન્યાયપૂર્ણ યુદ્ધ છે. આપણે ઈરાકમાં શા માટે છીએ ? ઈરાકને નષ્ટ કરીને આપણે ઈરાકના નાગરિકો પાસેથી શું મેળવવા ઈચ્છીએ છીએ ?''

અમેરિકા-ના પ્રમુખ **બરાક ઓબામાએ** જુન ૩, ૨૦૦૯ ના કેરો યુનિવર્સિટીમાં આપેલા વ્યાખ્યાનમાં જગતના મુસ્લિમોને જણાવ્યું કે ''હું અહીંયા અમેરિકાના તેમજ જગતભરના મુસ્લિમો વચ્ચે નવી શરૂઆત કરવા આવ્યો છું કે જે પરસ્પરના સન્માન તેમજ હિતસંબંધી હોય.....''



# શાંતિદૂત



**''સાર્વત્રિક જવાબદારી'' – દલાઈ લામા**

''આજે આપણે અન્યોન્ય પર એટલા આધારિત છીએ, અન્યોન્ય સાથે એટલા જોડાયેલા છીએ કે સાર્વત્રિક જવાબદારીની લાગણી વિના આપણે આપણા અસ્તિત્વના ખતરાઓ સામે ટકી રહેવાની આશા રાખી ન શકીએ. વિશ્વશાંતિ માટે વિશ્વની સમસ્યાઓ સામે સાર્વત્રિક માનવતાવાદી અભિગમ એ જ એક માત્ર આધાર છે.''

**શ્રી શ્રી રવિશંકરે** તેમની શ્રીલંકાની મુલાકાત દરમિયાન શાંતિપૂર્ણ ઉકેલ માટે વિવિધ પક્ષો વચ્ચે મધ્યસ્થી થવા-ની ઈચ્છા દર્શાવી હતી. શાંતિના સંવર્ધન માટે તેઓએ અન્ય દેશોની પણ સફર કરી છે.



# શાંતિદૂત



## લૂઇઝ મુશિકિવાબો

ઈ.સ.૧૯૯૪ માં માત્ર ત્રણ માસમાં રવાન્ડાની હુતુ બહુમતી દ્વારા દસ લાખ તુત્સીઓની કત્લેઆમ થઈ હતી. પોતાનો દેશ આ કોમીસંહાર પછી પુનઃ સામાન્ય સ્થિતિ મેળવે અને એકરાગનું વૈશ્વિક મોડેલ બને તે માટે વિદેશપ્રધાન મુશિકિવાબો ઉપાયો યોજી રહ્યાં છે.

## ઓન્ગ સેન સૂ ચી

મ્યાનમારમાં વિપક્ષની નેતા હોવાથી તેઓ ૧૪ વર્ષ કેદમાં હતાં. લાંબા સમયથી યાતના ભોગવતા લોકો માટે તે આશાનું પ્રતીક છે. લશ્કરી દમનનો સામનો કરવા તેમણે હંમેશા શાંતિ અને સમાધાનની તરફેણ કરી છે.



# શાંતિ પરિયોજના




**'અમનની આશા'**

ભારત-પાકિસ્તાન શાંતિની પહેલ, જાન્યુઆરી ૧, ૨૦૧૦ ના રોજ શરૂ થઈ હતી. સરહદોને જોડતા સેતુ બનાવવાના આ કામમાં લેખકો, સંગીતજ્ઞો, ખેલાડીઓ, વિદ્યાર્થીઓ, કવિઓ, પત્રકારો અને અભિનેતાઓએ ભાગ લીધો હતો.

શ્રીલંકામાં
ક્રાંતિ આંદોલન
મેગ્સેસે એવોર્ડ વિજેતા
**ડો. એ. ટી. અરિયરત્નેએ**
આધ્યાત્મિક અને અહિંસક સમાજના નિર્માણ માટે શ્રીલંકામાં ઈ.સ.૧૯૫૮માં ક્રાંતિનો શુભારંભ કર્યો હતો. બૌદ્ધ અને ગાંધીવાદી સિદ્ધાંતો પર રચાયેલું અને અહિંસા, સત્ય અને ક્ષમાનાં મૂલ્યોને વિશેષ મહત્ત્વ આપતું આ આ-ંદોલન ૧૫,૦૦૦ ગામોમાં ચાલે છે.



# શાંતિ પરિયોજના




**ક્ષમા**
**પરિયોજના**

ઈ.સ.૨૦૦૫માં ઇંગ્લેંન્ડમાં એક સંસ્થાની રચના કરવામાં આવી છે. તે સંઘર્ષ-સમાધાન અને ક્ષતિપૂરક ન્યાય તેમ જ સંઘર્ષ, હિંસા અને ગુનાખોરીની અંતહીન ઘટમાળોના વિકલ્પોને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે.



ઈ.સ.૨૦૦૦ ની સાલમાં માત્ર યુ.એસ.માં **રીવોલ્વરથી** ૨૮,૬૬૩ લોકોના મોત થયા હતા.

# શાંતિ પરિયોજના




**માતૃસંવેદના**

ઈ.સ.૨૦૦૦ માં ૧૪ મે(મધર્સ ડે)ના રોજ વોશિંગ્ટન ડી.સી.માં એકઠા થયેલા ૭,૦૦,૦૦૦ લોકોએ ગન માટે વિવેકયુક્ત કાયદાઓની માંગ કરી. તેમણે હિંસાથી થતા અસંખ્ય મોત બાબતે સજાગતા કેળવવા રજૂઆત કરી.

**આંખ ઉઘાડનાર સ્મારક**

હરતુંફરતું યુદ્ધ સ્મારક – એક યુદ્ધવિરોધી પ્રદર્શન માર્ચ ૨૫, ૨૦૦૫ ના રોજ સાન્ ફ્રાન્સિસ્કો પહોચ્યું. American Friends Service Committee (AFSC), જે Quakers તરીકે વધુ જાણીતું છે, તેના દ્વારા પુરસ્કૃત આ પ્રદર્શનમાં ઇરાકમાં માર્યા ગયેલાઓને દર્શાવતા હજારો જોડ જૂતાં લાઈનસર ગોઠવેલાં છે.



# શાંતિ પરિયોજના



**''કરુણાનું ઘોષણાપત્ર''**
આધુનિક વિશ્વમાં ધર્મની ભૂમિકા પરના અગ્રણી વિચારક **કરેન આર્મસ્ટ્રોંગ** 'કરુણાનું ઘોષણાપત્ર' જાહેર કરવા માટે ઈ.સ.૨૦૦૯ના નવેમ્બરની શરૂઆતમાં ધાર્મિક અગ્રણીઓ સાથે જોડાયા. આ ઘોષણાપત્રથી નીતિમત્તાના તેમ જ ધર્મના કેન્દ્રમાં કરુણા પુન:સ્થાપિત કરવાનું આહ્‌વાન અપાયું છે.

**શાંતિપાર્ક**
**યુ.એન. શાંતિપાર્ક અને યુ.એન. મેમોરિયલ હોલ, ચુંગ્જુ,** સાઉથ કોરિયા. બે દેશો વચ્ચેના વિવાદિત ક્ષેત્રો બાબતનો વ્યાવહારિક ઉકેલ છે – શાંતિપાર્ક શરૂ કરવા. વિશ્વભરમાં આશરે ૧૭૦ જેટલા શાંતિપાર્કો છે.



# શાંતિ પરિયોજના



## સ્વાધ્યાય ચળવળ

પાંડુરંગ શાસ્ત્રી આઠવલેએ ઈ.સ.૧૯૯૭માં મહારાષ્ટ્રમાં હિન્દુ આધ્યાત્મિક ચળવળ શરૂ કરી છે. તે ચળવળ અન્વયે ૮૦,૦૦૦ થી વધુ ગામડાઓમાં શૈક્ષણિક સંસ્થાઓ અને સમાજ કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી છે. તેમાં વ્યક્તિના પરિવર્તન પર વિશેષ ઝોક આપવામાં આવ્યો છે, જેના પરિણામે ક્રમશઃ સામાજિક ફેરફાર અને સુમેળ થાય.

## બૌદ્ધ પ્રતિબદ્ધતા

ક્રૂર શાસકો, અન્યાય અને પરદેશી આધિપત્યનો વિરોધ કરવા બૌદ્ધ સાધુઓ અને સાધ્વીઓ કટિબદ્ધ થયા છે. આ વલણ તિબેટ, મ્યાનમાર, થાઇલેન્ડ અને કોરિયામાં જોવા મળે છે.



# શાંતિ પરિયોજના




**કલહથી**
**શીર્ણવિદીર્ણ**
**મિન્ડાનાઓમાં શાંતિ-વણજાર**

નવેમ્બર ૨૧-૨૮, ૨૦૦૮ દરમિયાન ફીલીપાઇન્સના મિન્ડાનાઓ ટાપુ કે જ્યાં સતત ૨૦ વર્ષ આંતરવિગ્રહ ચાલ્યો હતો ત્યાંથી શાંતિ-વણજાર પસાર થઇ. કલહનો અંત લાવવા માટે લોકોને સંવેદનશીલ બનાવવા ધાર્મિક અને અને સામાજિક સંસ્થાઓ આ કાફલામાં જોડાઇ હતી.

આંતરધર્મ સંવાદ
માટે **મેડ્રિડ પ્રોગ્રામ**

માર્ચ ૧૧, ૨૦૦૪ ના રોજ મેડ્રિડની ચાર ટ્રેન પર થયેલા આતંકવાદી હુમલાઓથી ૧૯૨ લોકો માર્યા ગયા હતા. ત્યારબાદ મેડ્રિડ કાર્યક્રમ અન્વયે આધ્યાત્મિક વાચનસામગ્રી, કીર્તન અને ધ્યાનસહિત 'શાંતિ માટે ધર્મો' એવું પ્રતીક ધરાવતી ''શાંતિ ટ્રેન''નું આયોજન થયું હતું.



# શાંતિ પરિયોજના




## રીઓ દ જોનેરોમાં ''શાંતિ પોલિસ''

નિષ્ઠુર ડ્રગ ટોળકીઓના વર્ષો જૂના આતંકથી રીઓ શહેરમાં ખૂબ હિંસક અને કંગાળ બનેલા વિસ્તારો પર નિયંત્રણ માટે સરકારી અધિકારીઓ અને પોલીસે એક મહત્ત્વાકાંક્ષી પ્લાન શરૂ કર્યો છે. નવી ''શાંતિ પોલીસ'' પ્રણાલીગત પોલીસ ઉપરાંતનાં સામાજિક કર્તવ્ય બજાવે છે. તેમનું મુખ્ય કામ દાયકાઓની હિંસાથી ત્રસ્ત રહેવાસીઓને જીતી અને લોકશાહી ધારાધોરણ સ્થાપી પુનઃ સામાજિક શાંતિ લાવવાનું છે.

## બોન્સિયાની

''સામુદાયિક ઉદ્યાન યોજના''
ઈ.સ.૧૯૯૨ થી ૧૯૯૫ સુધીમાં સર્બ, ક્રોએટ અને બોસ્નિક લોકો વચ્ચે થયેલાં યુદ્ધમાં ૨,૫૦,૦૦૦ લોકોએ જાન ખોયા. ઈ.સ.૨૦૦૦ માં ૨૦૦૦ લોકોએ ૧૪ ઉદ્યાનોનું નિર્માણ કરવાની સાથે ''ઉદ્યાન યોજના''નો આરંભ કર્યો. શાકભાજીના બાગાયત માટે ભૂમિ, બીજ, ઓજારો અને ખાતર પૂરાં પાડવામાં આવ્યાં. એનાથી ફરી એક વાર મિત્રાચારીની ઉત્તમ ફલશ્રુતિ નીપજી.



# શાંતિ પરિયોજના



**સંત ઈગીડિયોનો** સમુદાય
ઈ.સ.૧૯૬૮ માં રોમમાં સંત ઈગીડિયોના સમુદાયની શરૂઆત કરવામાં આવી. તેમાં ૭૦ દેશોના ૫૦,૦૦૦ સ્વયંસેવકો છે. તેમનું લક્ષ્ય માનવ-અધિકારો તેમ જ શાંતિ અને ધર્મો વચ્ચેના સંવાદ પર કેન્દ્રિત છે. અનેક આફ્રિકન દેશોમાં તેમના AIDS પ્રોગ્રામ ચાલે છે.

ભૂતાન-નો GNH પ્રયોગ
ભૂતાનના **રાજા જિગ્મે સીન્ગ્યે વાંગ્ચૂકે** ઈ.સ.૧૯૭૨ માં પહેલી વાર શબ્દ આપ્યો : Gross National Happiness (GNH) (સર્વજન સુખાય-સર્વજન હિતાય) ન્યાયસંગત આજીવિકા, કરુણા અને હિસ્સેદારીનાં બૌદ્ધ મૂલ્યો આધારિત અર્થતંત્ર ઘડવા માટે ભૂતાન પ્રતિબદ્ધ છે.



# શાંતિ પરિયોજના



### બાઇબલના પઠનથી સંવાદને પ્રોત્સાહન

૨૮ સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ પોપ બેનેડિક્ટ સોળમાએ 'બુક ઓફ જીનેસિસ'ના શરૂઆતનાં પદનું પઠન કર્યું. બાઇબલના બધા જ ગ્રંથો( ૭૩ ગ્રંથો )નું ૧૨૫૦ વાચકો દ્વારા ૧૩૯ કલાક સુધી પઠન કરવામાં આવ્યું. ધર્મગ્રંથો દ્વારા થયેલો આ નવા પ્રકારનો સંવાદ હતો. મુસ્લિમો, યહુદીઓ અને અન્યોએ તેમાં ભાગ લીધો, તેથી તે યથાર્થ રીતે આંતરધર્મ બન્યો.

### જળથી શાંતિ

જોર્ડન નદી, ગેલિલીનો સમુદ્ર અને મૃત સમુદ્ર (Dead Sea) – બધાં સૂકાયાં છે. આને કારણે જોર્ડન, પેલેસ્ટાઇન અને ઇઝરાયેલ સંવાદ શરૂ કરવા વિવશ થયા છે. ત્રણેય દેશોએ સાથે મળીને 'Ecopeace' નામનું સંગઠન શરૂ કર્યું છે. તે સંગઠન ટકી રહેવા માટેના વિકાસને પ્રોત્સાહન આપે છે.



# શાંતિ પરિયોજના





**મુંબઈ-**
**મહોલ્લા સમિતિઓ**

ઈ.સ.૧૯૯૩ નાં મુંબઈનાં રમખાણો પછી વિવિધ વિસ્તારોમાં, વિશેષ કરીને શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં અનેક સમિતિઓ રચવામાં આવી. પારસ્પરિક વેર અટકાવવા અને ઉપચારની દિશામાં એ પહેલ છે. સામુદાયિક સંવાદિતા એનો મહત્ત્વનો ઉદ્દેશ છે.

**શાંતિ માટે ઔષધ**

અખાતી યુદ્ધ પછી, એક સંગઠનની અનેક મેડિકલ ટીમોએ બિમાર ઈરાકી બાળકોની સારવાર કરી અનેક જિંદગીઓ બચાવી હતી. તેમની દસ્તાવેજી ફિલ્મો દુનિયાના વિવિધ ભાગોમાંનાં ઈરાકી બાળકોની દુર્દશા દર્શાવે છે. એવી જ જિંદાદિલીથી ભારતીય ડોક્ટરોએ પણ અનેક પાકિસ્તાની બાળકોનાં ઓપરેશન કર્યાં હતાં.



# શાંતિ પરિયોજના




## શાંતિ માટે માતૃવૃંદ

Phillippine Peace Movemnet (ફિલિપાઇન શાંતિ ચળવળ) એ રાષ્ટ્રવ્યાપી ચળવળ છે, જેમાં વિવિધ ધર્મોની મહિલાઓ ભાઈચારાની ભાવનાથી એકત્રિત થાય છે. મિન્ડાનાઓમાં લશ્કર અને મુસ્લિમ વિદ્રોહી વચ્ચે ચાર દાયકાથી ચાલતા આંતરવિગ્રહમાં યુદ્ધવિરામની માગ માટે તેની શરૂઆત ઈ.સ.૨૦૦૩ માં થઈ હતી. હાલમાં સામાન્ય મહિલાઓનાં જીવનમાં શાંતિ સ્થાપવાના ભાગરૂપે શાંતિમંડળોની રચના થાય છે.

## શાંતિ માટે પાદરી સમુદાય

આ એક વિશ્વવ્યાપી સંસ્થા છે, જેનો ઉદ્દેશ કચડાયેલા લોકોને ન્યાય અને આત્મનિર્ધાર માટે પ્રોત્સાહિત કરવાનો છે.



SCIENCE FOR PEACE

**શાંતિ માટે વિજ્ઞાન**

પ્રાકૃતિક વિજ્ઞાનીઓ, એન્જિનીયરો, સમાજવિજ્ઞાનીઓ, શિષ્ટ સાહિત્યના વિદ્વાનો અને અન્ય વિચારશીલ લોકોની બનેલી આ એક કેનેડિયન સંસ્થા છે. તેનો ઉદ્દેશ હિંસા, પર્યાવરણને હાનિ અને સામાજિક અન્યાયને ટેકો આપતાં પરિબળોને સમજવાની અને તેની વિરુદ્ધમાં સક્રિય થવાની છે.

**''મેયર્સ ફોર પીસ''**

૧૫૦૦ શહેરોમાં ફેલાયેલું આ આંતરરાષ્ટ્રીય નેટવર્ક ઈ.સ.૧૯૪૫માં પરમાણુશસ્ત્રો દ્વારા નાશ પામેલાં બે શહેરો – હિરોશીમા અને નાગાસાકીના નગરપતિઓ દ્વારા શરૂ થયું હતું. હાલમાં અસ્તિત્વમાં છે તે બધાં શસ્ત્રાગારોનાં નિરસન અને પ્રત્યેક દેશને પરમાણુશસ્ત્રો બનાવતા રોકવા બાબતની સંધિ પર વાટાઘાટો શરૂ કરવા તમામ સરકારોને ''મેયર્સ ફોર પીસ'' અપીલ કરે છે.





Peace in Aceh afte
30 long years!

Indonesia completes pullout of non-local troops from Aceh, a very crucial step towards implementing the peace deal

**Aceh,**
**ઇન્ડોનેશિયામાં ઐતિહાસિક શાંતિ**
કરારથી ૩૦ વર્ષની દુશ્મનાવટનો અંત આવ્યો.

**પેરુ-ઇક્વેડોર નેશનલ પીસ પાર્ક**
૫૭ વર્ષના સરહદયુદ્ધ પછી **જોહાન ગલતુંગે** સૂચવ્યું કે ૫૦૦ ચો.કિ.મી.નો વિસ્તાર પીસ પાર્કમાં ફેરવવો.



## ભલામણો

(૧) સ્કૂલ અને કોલેજ કક્ષાએ 'વિશ્વધર્મો'ના અભ્યાસક્રમો દાખલ કરવાથી અન્ય ધર્મો અને સંસ્કૃતિઓ વિશેની સમજ અને સહિષ્ણુતા કેળવાશે.
(૨) શાંતિશિક્ષણના અભ્યાસક્રમો શરૂ કરવા.
(૩) વિશ્વભરની વિવિધ યુનિવર્સિટીઓમાં ગાંધી વિચારધારા અભ્યાસને ટેકો આપવો.
(૪) વિશ્વભરમાં આંતરધર્મ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.
(૫) વ્યક્તિઓને હથિયારના વેચાણ બાબતે કઠોર કાયદા ઘડવા.
(૬) પ્રત્યેક દેશે સંરક્ષણખર્ચ ઘટાડી Millennium Development Goals (સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યો)ને સાધવા ઉપાયો યોજવા.
(૭) સંચારમાધ્યમો સાથે સંવાદ શરૂ કરીને શાંતિના સંવર્ધન માટેના ઉપાયો ખોળવા.
(૮) વાલીઓ અને શિક્ષકોએ અન્ય ધર્મો અને સંસ્કૃતિઓ પ્રત્યે સહિષ્ણુતા કેળવવા રચનાત્મક ભૂમિકા અદા કરવી.
(૯) પેલેસ્ટાઇન અને ઇરાકની જટિલ સમસ્યાના ઝડપી અને ન્યાયી ઉકેલ માટે તમામ પ્રયાસો કરવા.
(૧૦) પશ્ચિમના અને ઇસ્લામી દેશો વચ્ચે વધારે સારી સમજ કેળવાય તે માટે વિવિધ સ્તરે સંવાદ શરૂ કરવા.
(૧૧) પરમાણુશસ્ત્રો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાય તે માટે તમામ ઉપાયો શોધવા.
(૧૨) વૈશ્વિક કલહોમાં યુ.એન. મધ્યવર્તી અને મહત્ત્વની મધ્યસ્થીની ભૂમિકા ભજવે એ અનિવાર્ય છે. તેની પ્રવૃત્તિઓને ટેકો આપવો.

## તારણ

એ સ્પષ્ટ છે કે હિંસાની સમસ્યા જટિલ અને બહુપરિમાણીય છે. આ અનિષ્ટનો સરળ ઉકેલ નથી. આપણી ધાર્મિક પ્રણાલીઓમાં આ સમસ્યાનો સામનો કરવા માટે માર્ગદર્શક બની રહે એવા અસંખ્ય ઉકેલો છે.

શાંતિના સંવર્ધન માટે તમે કયાં નક્કર પગલાં ભરશો ?

These are the three great duties of mankind:
To make an enemy a friend,
To make a wicked person righteous,
And to make an ignorant person wise
*(Shayest-ne-Shayest XX.6)*

In this world may obedience triumph over disobedience,
Peace over discord,
Generosity over niggardliness,
Reverence over contempt,
The true spoken word over the false spoken word,
And truth over falsehood
*(Yasna 60.5)*



હું ઝોરોસ્ટ્રીયન ધર્મગ્રંથોનાં પ્રેરક વચનો સાથે સમાપન કરું છું.
*-ડો. હોમી. બી. ધાલા*




લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર

અમદાવાદ - ૩૮૦ ૦૦૯